સમાચારનો સાચો પ્રભાવ

# સત્ય સમર્પણ NEWS

"સમાચારનો સાચો પ્રભાવ - સત્ય સમર્પણ ન્યૂઝ"

સોશિયલ મીડિયા આવૃત્તિ

RNI NO: GUJGUJ/2023/84681

Email : satyasmarpannews@gmail.com



આપના મોબાઈલમાં સત્ય સમર્પણ મેળવવા ઈચ્છો છો??

QR કોડ સ્કેન કરો અને જોડાવ અમારા whatsapp ગ્રુપમાં



તંત્રી : કિશ પઢારિયા । સહતંત્રી : મયુરસિંહ જાડેજા । Date : 1-9-2025 । Monday । Page : 8 । Year : 1 । Issue : 239 । Price : 2/-


# ટ્રમ્પના ટેરિફ ટેરર અને ભારત વિરોધી વલણ સામે વૈશ્વિક નેતાઓની ચેતવણી

## દાદાગીરી અને તાકાતની રાજનીતિ સ્વીકાર્ય નથી : ટ્રમ્પનું નામ લીધા વગર અમેરિકાને સીધો સંદેશ આપતા ચીનના રાષ્ટ્રપતિ

### ■ પુટીને કહ્યું યુક્રેન યુદ્ધ માટે મોદીને જવાબદાર ઠેરવવા ખોટુ : પશ્ચિમી દેશોએ સતાપલ્ટાની કોશીશ કરતા આ સ્થિતિ બની છે







તિયાનજીન,તા.૧: ચીનના ઔદ્યોગીક શહેર તિયાનજીનમાં શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પુરી રીતે છવાઈ ગયા હતા તો બીજી તરફ ચીનના રાષ્ટ્રપતિ શી જીનપીંગથી લઈ રશિયાના રાષ્ટ્રવડા વ્લાદીમીર પુટીન અને અન્ય રાષ્ટ્રવડાઓએ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જબરુ સન્માન આપ્યુ હતું અને પાક વડાપ્રધાન શાહબાઝ શરીફ તો જોતા જ રહી ગયા હતા.

ચીનના રાષ્ટ્રપતિ શી જીનપીંગે આ બેઠકનો ઉપયોગ અમેરિકાને આકરો સંદેશો આપવામાં પણ કર્યો હતો. તેમણે ટ્રમ્પનું નામ લીધા વગર જ અમેરિકી રાષ્ટ્રપતિ અને તે દેશ પર આકરો પ્રહાર કરતા કહ્યું કે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં ધમકીભર્યા વ્યવહાર, દાદાગીરી અને તાકાતની રાજનીતિ ચલાવી લેવાશે નહી.

તેઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે તટસ્થતા, ન્યાય અને બહુપક્ષીય વ્યવસ્થા પર ભાર મુકયો હતો. ખાસ કરીને અમેરિકા આ બેઠક પર નજીકથી નજર રાખી રહ્યું છે તે સંદર્ભમાં જીનપીંગની ટિપ્પણી સૂચક છે અને ખાસ કરીને અમેરિકા જે રીતે ભારત સહિતના દેશોને આકરા ટેરીફ મુદ્દે ધમકાવે છે તે પણ તેઓએ સંદેશ આપી દીધો હોવાનું માનવામાં આવે છે.

તો બીજી તરફ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીને અમેરિકાનું એ નિવેદન ફગાવ્યુ હતું કે, રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનું ઈંધણ ભારત પુરુ પાડે છે અને તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સીધા જવાબદાર ગણાવતુ નિવેદન પુટીને ફગાવતાની સાથોસાથ યુક્રેન સંકટ ઉકેલવામાં ભારતની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

તેમણે કહ્યું કે, હું અલાસ્કામાં અમેરિકી રાષ્ટ્રપતિ સાથે જે મારે વાતચીત થઈ તે હું અહી હાજર નેતાઓ સાથેની દ્વીપક્ષીય બેઠકમાં બતાવીશ પણ ઉમેર્યુ કે યુક્રેન સંકટ કોઈ આક્રમણનું કારણ નથી. પરંતુ યુક્રેનમાં પશ્ચિમી દેશો તરફથી જે સતાપલ્ટાના પ્રયાસો કરાયા તેના કારણે આ સ્થિતિ બની છે. તેમણે એ પણ મુદો ઉઠાવ્યો કે અમેરિકાનું એ નિવેદન કોઈ અર્થ વગરનું છે કે આ મોદીનું યુદ્ધ છે અને શાંતિનો માર્ગ નવી દિલ્હીથી જઈ રહ્યો છે.

શાંઘાઈ શિખર બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વૈશ્વિક નેતાઓ સાથેના અંગત સંબંધો ફરી એક વખત બહાર આવ્યા છે. એક તરફ ચીનના રાષ્ટ્રપતિ શી જીનપીંગ પણ મોદીને ખુશ કરવા માટે પ્રયત્ન કરતા હોય તેવું જણાતુ હતું તો બીજી તરફ આ શિખર બેઠક બાદ દ્વિપક્ષી મંત્રણા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીન બંને એક જ કારમાં રવાના થયા હતા અને આ નેતાઓ માટે ચીનના રાષ્ટ્રપતિએ ખાસ રેડફલેગ અને અત્યંત સુરક્ષિત કાર આપી હતી.

વડાપ્રધાન મોદી અને પુટીન એક જ કારમાં સાથે જતા જોઈને અનેક રાષ્ટ્ર નેતાઓ દ્વારા આ કેમેસ્ટ્રીની નોંધ લેવામાં આવી હતી તો પુટીને પણ વડાપ્રધાન પ્રત્યે અત્યંત સન્માનજનક વર્તન દર્શાવ્યું હતું. એટલું જ નહી એસઓજીની બેઠકમાં બંને નેતાઓ જે રીતે વાતચીત કરતા હતા તેથી અન્ય તમામ નેતાઓને દુરથી જોવા સિવાય ભાગ્યે જ કોઈ વિકલ્પ રહ્યો હતો.

## PM મોદી અને પુતિન વાત કરતા કરતા નીકળી ગયા અને પાકિસ્તાની PM શાહબાઝ જોતા રહી ગયા



વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચીન યાત્રા દરમિયાન જઈઘ શિખર સંમેલનમાં તેમની મુલાકાત રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે થઈ. આ દરમિયાન પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ હાથ જોડીને એક ખૂણામાં ઊભા રહ્યા અને પીએમ મોદી અને પુતિનને વાત કરતા જોઈ રહ્યા. આ દ્રશ્ય સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યું છે. પીએમ મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ પુતિન એકબીજા સાથે વાત કરતા આગળ વધી રહ્યા હતા. આ દરમિયાન શાહબાઝ શરીફ હાથ જોડીને એક ખૂણામાં ઊભા રહ્યા હોય તેવું જોવા મળ્યું. સૌથી ધ્યાન આપવા જેવી વાત એ છે કે, પાકિસ્તાનના પીએમ સાથે ન તો કોઈ વાત કરી રહ્યુ હતું અને ન તો કોઈ તેમની આસપાસ ઊભું હતું. જ્યારે પીએમ મોદી અને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આગળ વધી રહ્યા હતા, ત્યારે પાકિસ્તાનના પીએમ માત્ર તાકીને જોઈ રહ્યા. આ વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.




# રાજકોટમાં મંજૂરી વગર ગેમઝોન ખુલ્યો

## મેયરથી ધારાસભ્ય સુધીના આગેવાનોની હાજરીમાં ઉદઘાટનઃ ટીઆરપી કાંડ પછી પણ તંત્રની આંખો બંધ!

### ■ પોલીસ મંજૂરી હજી પેન્ડિંગ, જનસુરક્ષા પર રાજકારણીઓનો ખેલ

રાજકોટ તા ૧ઃ રાજકોટમાં ફરી એકવાર તંત્રની બેદરકારીનો કચરો બહાર આવ્યો છે. કાલાવડ રોડ પર કેકેવી ચોક નજીકના મલ્ટી-લેવલ બ્રિજ નીચે ભાજપ આગેવાનોની હાજરીમાં ધરાર ખુલ્લું કરાયેલ ગેમ ઝોનને પોલીસે આજદિન સુધી મંજૂરી જ નથી આપી.

ગયા વર્ષના ટીઆરપી ગેમઝોન કાંડ પછી સરકાર અને તંત્રે લોકોની સુરક્ષાના મોટા દાવા કર્યા હતા, પરંતુ આ ઘટનાએ સાબિત કરી દીધું કે જનજીવન સાથે ફરીવાર જોખમ ભર્યો ખેલ રમાયો છે. પોલીસ અધિકારીઓ સ્પષ્ટ કહી ચૂક્યા છે કે કોર્પોરેશન તરફથી અરજી પેન્ડિંગ છે, મંજૂરી હજુ સુધી આપવામાં આવી નથી.





### મનપાના ગેમઝોનનો મોટો ભાંડો ફટ્યો : પોલીસની મંજૂરી વગર જ ભાજપના આગેવાનોના હાથે ઉદઘાટન

છતાં પણ મેયર, ધારાસભ્ય, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનથી લઈને શહેર ભાજપ પ્રમુખ સુધીના આગેવાનો ગેમઝોનના ઉદઘાટન સમારંભમાં મોજથી હાજર રહ્યા હતા.

વિશેષ એ છે કે આવા ગેમઝોન શરૂ કરવા માટે કુલ ૧૩ વિભાગોની મંજૂરી જરૂરી હોય છે, છતાં મંજૂરી વગર જ આ ગેમઝોન શરૂ કરાયો હોવાનો ખુલાસો થતા મનપા-પોલીસ બંનેની કાર્યપ્રણાલીએ સવાલો ઊભા કર્યા છે.

લોકોની યાદોમાં હજી તાજી ટીઆરપી ગેમઝોનની ભયાનક ઘટના હોવા છતાં, રાજકીય વાહવાહી માટે ફરી જનતાની સુરક્ષાને અવગણાઈ હોવાનો આરોપ ઉઠ્યો છે.



# સિંહની દહાડ : ગીર સોમનાથ LCBમાં PSI આકાશ સિંહ સિંધવની ઝાંબાજ કામગીરી

## ફરજ પ્રત્યેની નિષ્ઠા, બહાદુરી અને સમાજના ગૌરવનું અનોખું સમન્વય



રાજકોટ, તા. ૧: યુવાનીમાં જ પોતાના કૌશલ્ય, બહાદુરી અને ફરજ પ્રત્યેની નિષ્ઠાથી ઓળખાતા આકાશ સિંહ સિંધવ આજે સમગ્ર નાડોદા રાજપૂત સમાજ માટે ગૌરવનું કારણ બન્યા છે. હાલ તેઓ ગીર સોમનાથ જિલ્લા LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ)માં ઝાબાજ PSI તરીકે ફરજ બજાવી રહ્યા છે. આકાશ સિંહ સિંધવએ પોલીસ ક્ષેત્રમાં પ્રવેશ્યા પછી અનેક મહત્વપૂર્ણ કેસોમાં કાર્યક્ષમ કામગીરી કરી છે. તેઓના ઝડપી નિર્ણય, કાર્યકુશળતા અને નિડર વલણને કારણે ગુનેગારો માટે ખૌફનું કારણ બન્યા છે. સાથે જ સામાન્ય પ્રજાજનોમાં વિશ્વાસ અને સુરક્ષાનો સંદેશ પ્રસરે છે.

સમાજના યુવાનો માટે આકાશ સિંહ એક જીવંત પ્રેરણાસ્ત્રોત છે. ગામડાથી લઈને શહેર સુધીના લોકો તેમના જઝ્બા અને સેવા ભાવનાની પ્રશંસા કરે છે. નાડોદા રાજપૂત સમાજમાં તેમનો ઉલ્લેખ ગૌરવભેર કરવામાં આવે છે. આકાશ સિંહ સિંધવ જેવા યુવાન અધિકારી આપણો ગર્વ છે. તેઓ ફરજ નિભાવવા સાથે સમાજને પણ પ્રેરણા આપે છે.

# અફઘાનિસ્તાનમાં ભૂકંપે સર્જ્યો વિનાશ!! મૃત્યુઆંક ૮૦૦ને પાર

નવી દિલ્હી, તા. ૧: અફઘાનિસ્તાનમાં આવેલા ભૂકંપને કારણે અત્યાર સુધીમાં ૮૦૦ લોકોનાં મોત થયા છે. જયારે અનેક લોકો ઘાયલ થયા છે. તાલિબાન સરકારે લોકોને મદદ કરવા માટે બચાવ કામગીરી શરૂ કરી છે. આ માટે હેલિકોપ્ટરનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે મૃત્યુઆંક હજુ વધી શકે છે. યુએસ જીઓલોજિકલ સર્વે મુજબ, ભૂકંપ જલાલાબાદ શહેરથી લગભગ ૧૭ માઈલ દૂર આવ્યો હતો. જલાલાબાદની વસ્તી લગભગ ૨ લાખ છે. આખી રાત શહેરમાં ભૂકંપના ભારે આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપ એટલો ભયાનક હતો કે ઘણા ઘરો કાટમાળમાં ફેરવાઈ ગયા હતા. આ સમયે મોટાભાગના લોકો પોતાના ઘરોમાં સૂઈ રહ્યા હતા અને તેમને બચવાનો મોકો



પણ મળ્યો ન હતો. ભૂકંપને કારણે કુનાર પ્રાંતના નૂર ગાલ, સાવકી, વાટપુર, મનોગી અને ચાપા દારા જિલ્લામાં જાનહાનિના અહેવાલો મળ્યા છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રારંભિક માહિતી મળી હતી કે ભૂકંપને કારણે ૯ લોકો મૃત્યુ પામ્યા હતા, પરંતુ આ પછી આ સંખ્યા વધીને ૨૦ થઈ ગઈ છે. હવે મૃત્યુઆંક ૨૫૦ ને વટાવી ગયો છે. ભૂકંપને કારણે સેંકડો ઘરો કાટમાળમાં ફેરવાઈ ગયા છે. ભૂકંપ પછી ભૂસ્ખલનના પણ સમાચાર છે, જેના કારણે ઘણા લોકો કાટમાળ નીચે દટાયા છે. સ્થાનિક વહીવટીતંત્રે લોકોને મદદ કરવા માટે બચાવ કામગીરી શરૂ કરી છે. નંગરહાર અને કુનાર પ્રાંત હિન્દુકુશ ક્ષેત્રનો ભાગ છે, જે ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટોના જંકશન પર સ્થિત છે, જેના કારણે આ વિસ્તાર ભૂકંપની દ્રષ્ટિએ ખૂબ જ સંવેદનશીલ છે.

# એક કાંકરે અનેક પક્ષી મારવાનો ચીનનો પેંતરો



## તંત્રી લેખ

- ક્રિશ પઢારિયા

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે તિયાનજિન ખાતે પહોંચી ગયા હતા. જાપાનનો પ્રવાસ પૂરો કરીને ભારતીય પીએમ ચીનના પ્રવાસે પહોંચ્યા છે. તેઓ અહીંયા તિયાનજિન ખાતે પહોંચ્યા હતા. ત્યાં તેઓ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ)ની બેઠકમાં ભાગ લેવાના છે. અહીંયા દુનિયાના ૨૦ દેશના નેતાઓ આવ્યા છે. અહીંયા ૨૫મી એસસીઓ સમિટ યોજાવાની છે. સમગ્ર વિશ્વના દેશો સામે જ્યારે અમેરિકાએ ટેરિફનું હથિયાર ઉગામેલું છે ત્યારે દરેક નાના-મોટા સોળ તો પડયા છે. તેમાંય ભારત અને ચીનને તો અમેરિકા હંટર મારવાની ફિરાકમાં છે. આ સંજોગોમાં ચીનમાં યોજાવાની એસસીઓ સમિટ ખૂબ જ મહત્ત્વની સાબિત થાય તેમ છે.

આમ જોવા જઈએ તો આ વખતની એસસીઓ બેઠક ઘણા બધા મોરચે અને મુદ્દે મહત્ત્વની સાબિત થવાની છે. આ વખતેની એસસીઓ બેઠક અત્યાર સુધીના તેના ઈતિહાસની સૌથી મોટી બેઠક છે. તે ઉપરાંત આ વખતે તેનું જે લોકેશન રાખવામાં આવ્યું છે તિયાનજિન તે પણ ખૂબ મહત્ત્વનું છે. ચીનની રાજધાની બેઈજિંગ હોવા છતાં આ જૂથનું નામ શાંઘાઈના નામથી રખાયું અને આ વખતે બેઠક તિયાનજિન ખાતે રાખવામાં આવી તે ખૂબ જ મહત્ત્વનું સાબિત થાય તેમ છે. અમેરિકાએ જ્યારે દુનિયાભરના દેશો ઉપર કોરડા વિંઝવાની શરૂઆત કરી છે ત્યારે એશિયાનું મજબૂત જૂથ ઊભું કરવા માટે પણ આ બેઠક મહત્ત્વની સાબિત થશે તેમ જાણકારોનું માનવું છે. રવિવારે થનારી આ બેઠક ઉપર બધાની નજર રહેશે. ચીનનું આ શહેર તિયાનજિન આમ જોવા જઈએ તો પશ્ચિમી દેશોમાં ખાસ જાણીતું નથી પણ ચીન માટે તેનું મહત્ત્વ ખૂબ જ વધારે છે. આ શહેરની ખાસિયત એ છે કે, બેઈજિંગ અને શાંઘાઈ બાદ તિયાનજિન ચીનનું ત્રીજું સૌથી મોટું શહેર છે જેમાં શહેરી વિસ્તારો વધારે છે અને આધુનિક સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. આ ઉપરાંત ચીનનું આ મોટું પોર્ટ સિટી પણ છે. ઉત્તર પશ્ચિમમાં ૧૨૦ કિમીમાં આવેલું આ પોર્ટ સિટી દુનિયાભર સાથે જોડાણ માટે પણ મહત્ત્વનું છે. ચીનમાં એક કહેવત પણ છે કે, તમારે ૫૦૦૦ વર્ષ જુનું ચીન જોવું હોય તો શિઆન જૂઓ, ૧૦૦૦ વર્ષ જૂનું ચીન જોવું હોય તો બેઈજિંગ જૂઓ અને આધુનિક ચીન જોવું હોય તો તિયાનજિન જૂઓ. આ શહેરની બીજી ખાસિયત એ છે કે, ૧૮૬૦થી ૧૯૪૫ સુધી તિયાનજિન નવ જેટલા વિદેશી મિલિટરીની માલિકીના આઉટપોસ્ટ ધરાવતું શહેર હતું. આ ઉપરાંત આ તમામ સ્થળો મલ્ટિનેશનલ મિલિટરી ગવર્નમેન્ટના ગઢ ગણાતા હતા. આજનું તિયાનજિન આધુનિકતા માટે ચીનનું હબ ગણાય છે. દુનિયાના મોટા ૧૦ પોર્ટમાં તેનો સમાવેશ થાય છે. આ શહેર માત્ર પોર્ટ સિટી પણ કહી શકાય તેવું નથી. ચીન માટે તે ચોખાનું સૌથી મોટું સપ્લાય સેન્ટર છે. આ ઉપરાંત અહીંયા મોટો ઈન્ડસ્ટ્રીયલ બેઝ આવેલો છે જેમાં મેન્યુફેક્ચરિંગ, કાર મેકિંગ અને પેટ્રોકેમિકલ્સ વગેરેનો સમાવેશ થાય છે.

માત્ર વસ્તુઓની જ સપ્લાય નહીં આ શહેર બુદ્ધિજીવીઓની સપ્લાય કરવા માટે પણ જાણીતું છે. દર વર્ષે તિયાનજિન ખતે આવેલી વિવિધ યુનિવર્સિટીઓમાંથી હજારોની સંખ્યામાં યુવાનો તૈયાર થઈને ચીનના આર્થિક વિકાસમાં જોડાય છે. ચીનમાં જે સુપર કમ્પ્યૂટર છે તે પણ અહીંયા જ છે. જાણકારોના મતે ૨૦૧૦માં




દુનિયાના સૌથી ઝડપી સુપર કમ્પયૂટર તિઆન્હે-૧એ નામના ચીનના સુપર કમ્પ્યુટરનો સમાવશ થાય છે. આ સુપર કમ્પ્યૂટરનું સેન્ટર નેશનલ સુપરકોમ્પ્યુટિંગ સેન્ટર ઓફ તિયાનજિન તરીકે ઓળખાય છે. આ સિવાય અહીંયા એરબસ, મોટોરોલા, મિત્સુબિશી જેવી મોટી કંપનીઓના ગઢ છે. છેલ્લાં એક દાયકામાં આ શહેરમાં સૌથી મોટો વિકાસ થયો છે અને તેની કાયદેસર નોંધ ચીન દ્વારા કરવામાં આવી છે. તિયાનજિન તેના આર્કિટેક્ચર અને વિવિધ સ્થાપત્યો માટે પણ જાણીતું છે. અહીંયા આવતા લોકો કહે છે કે, અમારે પારંપરિક ચીન જોવું હોય કે આધુનિક ચીન, દુનિયાનો જૂનો ઈતિહાસ જોવો હોય કે આધુનિક ઈતિહાસ જોવો હોય અમને તિયાનજિનમાં બધું જ મળી જાય છે.

ઉલ્લેખનીય છે કે, આવી અનોખી ખાસિયતો ધરાવતા શહેરમાં ચીને જાણી જોઈને એસસીઓ બેઠક રાખી છે. સૂત્રોના મતે ચીન પશ્ચિમી દેશોને સંદોશો આપવામાં માંગે છે કે, આ શહેરમાં ભૂતકાળમાં વિદેશી સત્તા હતી અને જુદી જુદી મિલિટરી વ્યવસ્થા હતા છતાં આજે તિયાનજિન ચીનનું સૌથી સુંદર, વિકસિત અને આધુનિક શહેર બની ગયું છે. એશિયાના બીજા શહેરો પણ આ બેઠક માટે સહમત થયા છે કારણ કે તેઓ જાણે છે કે, ચીનનું આ શહેર પશ્ચિમીકરણથી અભિભૂત થયેલા વિશ્વને મોટો સંદેશો પૂરું પાડવાનું પ્લેટફોર્મ બની રહેશે.

અમેરિકા દ્વારા દરેક વૈશ્વિક મુદ્દે જે રીતે પગપેસારો કરવામાં આવી રહ્યો છે, તે ઉપરાંત જે રીતે દેશો સાથે અંગત વૈમનશ્ય દાખવીને તેમને ટેરિફનો ટેરર બતાવાઈ રહ્યો છે તેનો સામનો કરવા નવા સમીકરણો રચવાની નેમ હોય તેમ જણાઈ રહ્યું છે. ભારત અને ચીન બંને ભેગા થાય તો અમેરિકા માટે સૌથી મોટું જોખમ બની શકે તેમ છે.

અમેરિકાને ચીન સામે તો વાંધો જ છે એ સ્વાભાવિક છે પણ આ વખતે તેણે ભારતને પણ બાનમાં લેવા દબડાવવા તમામ રીતે પ્રયાસ કર્યા છે. રશિયાની ખભે મિત્રતાનો હાથ મુકીને પીઠ પાછળ તેને ગાળો ભાંડવાનું કામ રશિયા કરી રહ્યું છે. રશિયા અને ચીન વચ્ચે વ્યાપારિક ધોરણે પણ ખૂબ જ મોટા સંબંધો છે. આ ઉપરાંત અમેરિકાના વલણ, નાટોનો વિસ્તારવાદ, સૈન્યોનો વિસ્તારવાદ, ગમે તેના ઉપર પ્રતિબંધો નાખી દેવાનું વલણ, અન્ય દેશોના સાર્વભૌમત્વને હાનિ પહોંચાડવા સુધીની બીનજરૂરી મધ્યસ્થી અને ટકોર કરવાની અમેરિકી વૃત્તિને આ વખતે દમદાર જવાબ આપવા માટે આ સમિટ ચીન ખાતે રાખવામાં આવ્યું છે. આ વખતે રશિયા, ભારત અને ચીન પોતાની સાચી તાકાત અને એકતા થકી દુનિયાને સંદેશો આપવા માગે છે તે દેખાઈ રહ્યું છે.

# મનપાના તમામ લગ્ન હોલ હાઉસફૂલઃ ૩૩૬ મુરતિયાઓ લગ્ન કરવા મેદાનમાં

## ૨૬ લગ્ન હોલમાં તા.૧/૮થી ૩૦/૯ સુધીમાં બુકિંગ થઇ શક્યા, હજારો પરિવારો વેઈટિંગમાં

રાજકોટ, તા. ૧: મહાનગર પાલિકા દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં લગ્ન હોલનું નિર્માણ કરવામાં આવ્યું છે. મધ્યમવર્ગિય પરિવારો માટે આ લગ્ન હોલ આશીર્વાદ સમાન સાબિત થઈ રહ્યા છે. દર વર્ષે લગ્નની સીઝન દરમિયાન તમામ હોલના બુકિંગ ફૂલ થઈ જતા હોય છે. આ વખતે પણ તા.૧/૮ /૨૦૨૫થી તા.૩૦/૯/૨૦૨૫ સુધીના સમય ગાળા માટે મનપાના તમામ ૨૬ લગ્નહોલમાં ૩૩૬ પરિવારોએ બુકિંગ કરવાતા બે માસ માટે હાઉસફૂલ થઈ ગયા છે અને વેઈટીંગમા રહેલ અનેક પરિવારો નવી તારીખ ખુલવાની રાહ જોઈ રહ્યાનુ જાણવા મળેલ છે.




મહાનગરપાલિકાના ૨૬ લગ્નહોલ બે માસ માટે હાઉસફૂલ થઈ ગયાનુ એસ્ટેટ વિભાગ માથી જાણવા મળેલ છે. અનેક લગ્નહોલમાં એક થી વધુ યુનિટ હોવા છતા અત્યાર સુધીમાં ૩૩૬ પરિવારોએ પોતાના સંતાનોના લગ્ન સગાઈ જેવા પ્રસંગો માટે બુકિંગ કરાવી લીધુ છે. નિયમ મુજબ પ્રસંગની તારીખ ૯૦ દિવસ પહેલા બુકિંગ કરાવવુ ફરજિયાત છે. છતા બે માસના બુકિંગ દરમિયાન લગ્નહોલ ફૂલ થઈ ગયા છે. તેમજ ઓકટોબર માસ પછી આવનારા લગ્ન મુહૂર્તના દિવસો માટે પણ અનેક પરિવારોએ બુકિંગની તૈયારી આરંભી છે. અને હાલ પણ હોલ બુકિંગ માટે એસ્ટેટ વિભાગમાં સતત પૂછપરછ ચાલુ હોવાનુ પણ જાણવા મળેલ છે.

મહાનગરપાલિકાના ૨૬ લગ્નહોલ બુક થયેલ છે. જેમાં શ્રી રણછોડદાસજી બાપુ કોમ્યુનીટી હોલ ૪૨, શ્રી રણછોડદાસજી બાપુ કોમ્યુનીટી હોલ ૨૬, શ્રી કાંતીભાઈ વૈદ કોમ્યુનીટી હોલ ૧૦, શ્રી વિનોદભાઈ શેઠ કોમ્યુનીટી હોલ ૦, શ્રી મોહનભાઈ સરવૈયા કોમ્યુનીટી હોલ ૨૬, શ્રી મોહનભાઈ સરવૈયા કોમ્યુનીટી હોલ ૯, પંડીત દિનદયાળ કોમ્યુનીટી હોલ ૪૧, પંડીત દિનદયાળ કોમ્યુનીટી હોલ ૩૩, શ્રી મહરાણા પ્રતાપ કોમ્યુનીટી હોલ ૩૦, સંત શ્રી વેલનાથ કોમ્યુનીટી હોલ ૧૧, સંત શ્રી વેલનાથ કોમ્યુનીટી હોલ ૩, એકલવ્ય કોમ્યુનીટી હોલ ૦, અવંતીબાઈ લોધી કોમ્યુનીટી હોલ ૦, શ્રી વસંતરાય ગજેન્દ્ર ગઢકર કોમ્યુનીટી હોલ ૬, શ્રી વસંતરાય ગજેન્દ્ર ગઢકર કોમ્યુનીટી હોલ ૨૩, પ્રતાપભાઈ ડોડીયા કોમ્યુનીટી હોલ ૧૬, મનસુખભાઈ ઉધાડ કોમ્યુનીટી હોલ ૮, શ્રી નવલસિંહ ભટ્ટી કોમ્યુનીટી હોલ ૦, શ્રી નાનજીભાઈ કોમ્યુનીટી હોલ ૨, શ્રી અભય ભાર્દવાજ કોમ્યુનીટી હોલ ૧૪, શ્રી અભય ભાદ્રેવાજ કોમ્યુનીટી હોલ ૧૫, શ્રી અમુત ઘાયલ કોમ્યુનીટી હોલ ૫, શ્રી અમુત ઘાયલ કોમ્યુનીટી હોલ ૪, ગુરૂ ગોવિંદસિંહ કોમ્યુનીટી હોલ ૦, ડો. આબેંડકર કોમ્યુનીટી હોલ ૧૨, ગુરૂનાનક કોમ્યુનીટી હોલ (ગાયકવાડી)૧૦ સહિત ૩૩૬ બુકિંગ થયા છે.

મનપાના ઓડિટોરીયમ કાર્યક્રમો માટે ભાડેથી આપવામાં આવે છે. જેમાં એક માસ માટે પુ,પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ(૭૭૪ બેઠક) રૈયા રોડ ૨૮, પુ,પ્રમુખ સ્વામી કોન્ફરન્સ હોલ (૧૮૦ બેઠક)રૈયા રોડ ૩, શ્રી અટલબિહારી ઓડીટોરીયમ (૭૧૩ બેઠક) પેડક રોડ ૨૨, શ્રી અરવીંદભાઈ મણીયાર કોનોટ હોલ (૬૩૦ બેઠક) જ્યુબેલી ૦, શ્યામા પ્રસાદ આર્ટ ગેલેરી (રેસકોર્ષ) ૪, રમેશ પારેખ રંગદર્શન (રેસકોર્ષ)૬ સહિતના ૭૩ બુકિંગ થયા છે.

# પોપટભાઈ સોરઠીયા હત્યા કેસમાં સજા માફી રદ કરતા હાઈકોર્ટનો આદેશ માન્ય

- **અનિરૂદ્ધસિંહને તા. ૧૮મી સુધીમાં સરેન્ડર કરવુ પડશે**
- **સુપ્રિમ કોર્ટે પીટીશન ફગાવી – રાહત ન આપી**

નવી દિલ્હી,તા.૧: ગોંડલમાં સ્વ.ધારાસભ્ય પોપટભાઈ સોરઠીયાના હત્યા કેસમાં આજીવન કારાવાસની સજા બાદ સજા માફી મેળવનારા રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજાની સજા માફી રદ કરીને ફરી સરેન્ડર થવાના આદેશને સુપ્રીમ કોર્ટે પણ ગ્રાહ્ય રાખ્યો છે. સુપ્રિમકોર્ટે અનિરુદ્ધસિંહને રાહત આપવાનો ઈન્કાર કરીને વડીઅદાલતના હુકમ મુજબ તા.૧૮મી સુધીમાં સરેન્ડર થવાનો આદેશ કર્યો છે. આ સંજોગોમાં અનિરુદ્ધસિંહનો જેલવાસ હવે લગભગ નિશ્ચિત બની ગયો છે.



પોપટભાઈ સોરઠીયા હત્યાકેસમાં અનિરુદ્ધસિંહ જાડેજાને અપાયેલી સજામાફીને હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. લાંબી દલીલો-સુનાવણી બાદ હાઈકોર્ટે જેલવડાએ આપેલી સજામાફીને અધિકારક્ષેત્રની બહાર ગણાવીને તે રદ કરવાનો આદેશ કર્યો હતો અને અનિરુદ્ધસિંહને ચાર સપ્તાહમાં જેલમાં સરેન્ડર થવાનો હુકમ કર્યો હતો. હાઈકોર્ટના હુકમ સામે અનિરુદ્ધસિંહ જાડેજાએ ગત ૨૯મીએ સુપ્રિમકોર્ટમાં સ્પેશ્યલ લીવ પીટીશન કરી હતી. ૩૦મીએ તે દાખલ થઈ હતી. આજે સુપ્રિમકોર્ટના જસ્ટીસ દીપાંકર દતા તથા ઓગસ્ટીન જયોર્જની બેંચ સમક્ષ સુનાવણી થતા બેંચે કોઈ રાહત આપવાનો ઈન્કાર કર્યો હતો. હાઈકોર્ટના આદેશને યથાવત રાખી ૧૮મી સુધીમાં સરેન્ડર થવાનો હુકમ કર્યો હતો. સુપ્રિમકોર્ટમાંથી કોઈ રાહત ન મળતા હવે તેમનો જેલવાસ નિશ્ચિત ગણવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અનિરુદ્ધસિંહ જાડેજા તથા તેમના પુત્ર રાજદીપસિંહ જાડેજા અમીત ખુંટ કેસમાં પણ ચારેક મહિનાથી વોન્ટેડ છે અને પોલીસ તેની શોધખોળ ચલાવી રહી છે પરંતુ હજુ સુધી કોઈ લોકેશન મળ્યુ નથી. આ કેસ ઉભો જ છે ત્યારે જુના કેસમાં તેને સરેન્ડર થવુ પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.



# નવરાત્રિ પહેલાં લવ જેહાદનો મુદ્દો ઉઠ્યો

## રાજકોટમાં ડિસ્કો-દાંડિયામાં લઘુમતીઓને નો એન્ટ્રીની માગ સાથે VHPની પોલીસ કમિશનરને રજૂઆત

### ■ મૂર્તિ પૂજા અને સનાતન ધર્મમાં તેઓ માનતા નથી તો આ વિધર્મીઓ ત્યાં આવે છે શા માટે?

રાજકોટ, તા. ૧: ૨૨મી સપ્ટેમ્બરથી નવરાત્રિનો પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે આ દરમિયાન થતા ડિસ્કો-દાંડિયાના આયોજનમાં લઘુમતીઓને નો એન્ટ્રીની માગ સાથે આજે (૧ સપ્ટેમ્બર) રાજકોટ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના કાર્યકર્તાઓ દ્વારા પોલીસ કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી. નવરાત્રિનો સનાતનીઓનો તહેવાર છે, જેમાં લઘુમતીઓ આવી હિન્દુ બહેન-દીકરીઓને પ્રેમ જાળમાં ફસાવે છે. જેથી લઘુમતીઓને નવરાત્રિ દરમિયાન ગરબા આયોજનોમાં એન્ટ્રી ના આપવા દેવામાં આવે તેવી માગણી કરી હતી. તો સાથે જ હવે ગરબા આયોજકોને પણ આ બાબતે રજૂઆત કરવામાં આવશે, તેવું જાહેર કરાયું હતું.

**લઘુમતીઓ હિન્દુ દીકરીઓને ફસાવી લવ જેહાદનો શિકાર બનાવે છેઃ અભિષેક આસરા**

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદમાં બજરંગ દળના ગૌરક્ષાના રાજકોટ જિલ્લા પ્રમુખ અભિષેક આસરાએ જણાવ્યું હતું કે, નવરાત્રિમાં લવ જેહાદ અટકાવવા માટે પોલીસ કમિશનરને રજૂઆત કરી છે. નવરાત્રિએ સનાતનીઓનો તહેવાર છે અને તેમાં લઘુમતીઓ હિન્દુ

**લઘુમતીઓ હિન્દુ દીકરીઓને ફસાવી લવ જેહાદનો શિકાર બનાવે છે**




દીકરીઓને ફસાવી લવ જેહાદનો શિકાર બનાવે છે. અમારી માનવી છે કે નવરાત્રિમાં ડિસ્કો-ડાંડિયાના આયોજનમાં લઘુમતીઓને પ્રવેશ નિષેધ કરવામાં આવે. એ લોકો મૂર્તિ પૂજામાં માનતા નથી અને સનાતન ધર્મમાં તેઓ માનતા નથી તો આ બધા લોકો ત્યાં આવે છે શા માટે? આ બાબતે હાલ તો અમે પોલીસ કમિશનરને રજૂઆત કરી છે, પરંતુ આગામી સમયમાં અમે ગરબા આયોજકોને પણ રજૂઆત કરશું.

**હિન્દુ-દીકરીઓના માતા-પિતાને સમજાવવાનો પ્રયત્ન કરાશેઃ દિલીપ સોલંકી**

રાષ્ટ્રીય બજરંગ દળ વિભાગના રાજકોટ જિલ્લાના પ્રમુખ દિલીપ સોલંકીએ જણાવ્યું હતું કે, આપણી બહેન-દીકરીઓને નવરાત્રિ દરમિયાન પ્રેમજાળમાં ફસાવી ધર્માંતરણ કરાવવામાં આવે છે, જેને રાષ્ટ્રીય બજરંગ દળ વખોડે છે. જે જગ્યાએ નવરાત્રિના આયોજન થશે, ત્યાં અમારા કાર્યકર્તાઓ લઘુમતીઓને શોધીને બહાર કાઢશે અને હિન્દુ-દીકરીઓના માતા-પિતાને સમજાવવાનો પ્રયત્ન કરશે. તેમણે અંતમાં જણાવ્યું કે, નવરાત્રિ દરમિયાન આ પ્રકારના લઘુમતી લોકોને એન્ટ્રી આપવામાં આવશે તો અમે પોલીસને સાથે રાખી લોકતાંત્રિક રીતે આ લઘુમતી લોકોને બહાર કાઢીશું. રાજકોટ જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા પોલીસ કમિશનરને આપેલા આવેદનમાં જણાવ્યું હતું કે, જયશ્રીરામ....નવરાત્રિ એ સનાતન ધર્મનો પ્રવિત્ર તહેવાર છે જે માઁની ભક્તિનું મહાપર્વ છે. સ્ત્રી જ સર્વ શક્તિ છે એ સનાતન ધર્મમાં પ્રાધાન્ય છે. પરંતુ હાલના સમયમા સનાતન ધર્મની બહેનો અને દીકરીઓ ઉપર આ તહેવારનો ફાયદો લઈને લઘુમતીઓ સનાતની દીકરીઓને પોતાની પ્રેમ જાળમા ફસાવે છે અને ત્યારબાદ તેનું ધર્માંતરણ કરાવે છે. આ ડિસ્કો-દાંડિયા એ જેહાદી માનસિકતા ધરાવતા લોકોને માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે. દર વર્ષે કેટલીય દીકરીઓ આ જેહાદનો શિકાર બને છે.

અમારી માંગણી એટલી જ છે કે, ડિસ્કો-દાંડિયામા સનાતનીઓ સિવાય લઘુમતીઓનો પ્રવેશ નિષેધ કરવામાં આવે. સનાતન ધર્મમાં આ લોકોનું કોઈ કામ નથી, એમને અને નવરાત્રિને કઈ લેવાદેવા નથી, છતાં પણ એ લોકો ડિસ્કો-દાંડિયામાં જોડાઈ છે શા માટે? તેઓ મૂર્તિ પૂજામા માનતા નથી. ન ભગવાન કે માતાજીમાં માને છે તો અમારી આ માંગણીને આપ ગરબા આયોજકો સુધી પહોંચાડો તેવી વિનંતી.



# શૌર્યનું સિંદૂર લોકમેળામાં ૫૦ લાખથી વધુનો નફો, ન્યુ રેસકોર્સમાં નવું ગ્રાઉન્ડ તૈયાર કરાશે


રાજકોટ: જન્માષ્ટમી પર્વ નિમિત્તે રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડમાં યોજાયેલા શૌર્ય સિંદૂર લોકમેળામાં આ વર્ષે તંત્રને ૫૦ લાખ રૂપિયાથી વધુનો નફો થયો છે. લોકમેળામાં વિવિધ સ્ટોલની હરાજીમાંથી ૨ કરોડથી વધુની આવક થઈ હતી. આ તમામ આવક અને ખર્ચની ગણતરી બાદ ૫૦ લાખ રૂપિયાથી વધુનો ચોખ્ખો નફો થયો હોવાનું કલેક્ટર કચેરીના સૂત્રોએ જણાવ્યું છે.

આ વર્ષે લોકમેળા સમિતિ દ્વારા રાજકોટ શહેરમાં ટ્રાફિકની સમસ્યાને જોતા આવતા વર્ષે લોકમેળો રાજકોટ શહેરની બહાર ખસેડવાની કવાયત શરૂ કરી દેવામાં આવી છે. નવા રેસકોર્સ ખાતે અટલ સરોવરની બાજુમાં આવેલ ગ્રાઉન્ડને લોકમેળા માટે તૈયાર કરવામાં આવશે. ચોમાસુ પૂરું થયા બાદ આ મેદાનને સમતલ કરવા અને અન્ય જરૂરી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ત્યારે આ વખતે તંત્ર દ્વારા અત્યારથી જ રાજકોટ શહેરના બહાર લોકમેળો ખસેડવા માટેની કવાયત શરૂ કરી દેવામાં આવી છે અને ન્યુ રેસકોસ ખાતે અટલ સરોવરની બાજુમાં આવેલ ગ્રાઉન્ડને સમતલ કરવા માટેની તૈયારીઓ અત્યારથી શરૂ કરી દેવામાં આવી છે અને ચોમાસુ પૂર્ણ થયા બાદ મેદાનને લેવનિગ અને ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરવામાં માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

# રાજકોટમાં યુવાન પર હુમલો, છરી ખૂંપેલી હાલતમાં હોસ્પિટલે પહોંચ્યો

રાજકોટ, તા. ૧: રાજકોટ શહેરમા લુખ્ખાગીરીએ હદ વટાવી છે સામાન્ય બાબતોમા છરીઓ ઉડવી કે હુમલા જેવા ઘટનાં રોજ બરોજ બનતી જાય છે. ત્યારે ગઈકાલે રાત્રીનાં સમયે રૈયા રોડ પર બ્રહમસમાજ ચોક પાસે એક યુવાનને અગાઉ મજાક મસ્તી કરવા મામલે પાંચ શખસોએ બેફામ માર મારી છરીનો ઘા ઝીકી દેતા યુવકને સારવાર માટે સિવીલ હોસ્પીટલે ખસેડવામા આવ્યો હતો. આ ઘટનામા યુવાનને છરી પગનાં ભાગે ખુપેલી હાલતમા સારવારમા લાવવામા આવ્યો હતો. આ ઘટના મામલે ગાંધીગ્રામ પોલીસ મથકમા રાયોટીંગ , મારામારી, ગાળો બોલવા સહીતની કલમો હેઠળ પાંચ શખસો સામે ગુનો નોંધવામા આવ્યો છે.



વધુ વિગતો મુજબ રૈયા રોડ પર બ્રહમસમાજ ચોક શિવપરા શેરી નં ૧ પાસે રહેતા વિનુભાઈ જેસંગભાઈ ડાંગર નામનાં આધેડે પોતાની ફરીયાદમા રેહાન અસ્લમભાઈ શેખ, સિકંદર કાલાવડીયા, શાહનવાઝ, અરમાન અતીયાન અને જુનેદ દહેરુશનુ નામ આપતા તમામ સામે રાયોટીંગ , મારામારી અને ગાળો બોલવા અંગેની કલમ હેઠળ ગુનો નોંધવામા આવતા ક્રાઈમ બ્રાંચ અને ગાંધીગ્રામ પોલીસ સ્ટાફે પાચેયને સકંજામા લઈ લીધા હતા. આ પાંચ આરોપીમાથી ૩ આરોપી સગીર હોવાનુ પોલીસ તપાસમા જાણવા મળી રહયુ છે.

વીનુભાઈ ડાંગરે પોતાની ફરીયાદમા જણાવ્યુ હતુ કે તેઓ કડીયાકામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે અને તેમને પુત્ર તેજસ ડાંગર મોબાઈલની દુકાનમા કામ કરે છે . ગઈકાલે તેજસ ઘર નજીક આવેલા ગણપતીનાં પંડાલ પાસે બેઠો હતો. અગાઉ તેજસે આરોપીઓનાં મીત્રો મોહંમદ જેફ અને આરોપીઓની સાથે બોલાચાલી થઈ હતી જે બાબતે તેજસ રેહાન પાસે વાતચીત કરવા ગયો હતો. આ સમયે શાહનવાઝ અને અરમાન બંને ત્યા આવી પહોંચ્યા હતા અને બે દીવસ અગાઉ થયેલી બોલાચાલીનો ખાર રાખી આરોપીઓ એકસંપ થઈ તેજસ પર હુમલો કર્યો હતો . અને ઢીકા પાટુનો માર માર્યો હતો ત્યારબાદ આ સમયે વીનુભાઈ ત્યા પહોંચી ગયા હતા. તેઓએ આરોપીને ઝઘડો નહી કરવા સમજાવ્યા હતા. આમ છતા તમામ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી તેજસ સાથે બોલાચાલી કરી ઢીકા પાટુનો મુંઢમાર મારી અને આરોપી જુનેદે તેની પાસે રહેલી છરી કાઢી તેજસને જમણા પગમા ઘા ઝીકી દેતા છરીનો ધારદાર ભાગ પગમા જ ખુપી ગયો હતો . અને હાથો સીકંદરનાં હાથમા રહી ગયો હતો. ત્યારબાદ ત્યા લોકોનાં ટોળા એકઠા થઈ જતા આરોપીઓ ત્યાથી ભાગી ગયા હતા. અને તેજસને છરી પગમા જ ખુપેલી હાલતમા સિવીલ હોસ્પીટલે ખસેડવામા આવ્યો હતો આ ઘટનામા પોલીસે પાચેય આરોપીને સકંજામા લઈ પુછપરછ શરુ કરી છે.

સત્ય સમર્પણ NEWS
SURAT CITY
8
Dt. 1/9/2025, MONDAY

# સુરત સહિત દેશ-વિદેશના ૪૦ યુવાન મ્યાનમારમાં બંધક બનાવ્યા

## બોર્ડર ક્રોસ કરાવી ચાઈનીઝ ગેંગને સોંપ્યા; પાક. એજન્ટ સહિત ૧૨ લોકો રેકેટ ચલાવતા હોવાનો ઘટસ્ફોટ

સુરત, તા. ૧: સુરત સાયબર ક્રાઈમની ટીમને ઈન્ટરનેશનલ સ્લેવરી રેકેટનો પર્દાફાશ કરવામાં સફળતા મળી છે. થાઈલેન્ડમાં કોમ્પ્યુટર વર્કની નોકરી અપાવવાના બહાને ભારતનાં અલગ અલગ રાજ્યો અને અન્ય દેશના ૪૦ યુવાનને થાઈલેન્ડ મોકલી આપ્યા બાદ ત્યાંથી કપટપૂર્વક શોષણ કરવાને ઈરાદે નદીમાંથી બોર્ડર ક્રોસ કરાવી મ્યાનમાર મોકલી આપી ત્યાં તેમને ચાઈનીઝ ગેંગને સોંપી દેવામાં આવ્યા હતા. ત્યાર બાદ ચાઈનીઝ ગેંગ દ્વારા ચાલતા ગેરકાયદે કોલ સેન્ટરમાં ગોંધી રાખવામાં આવતા હતા અને આ યુવાનોના નામની ફેક આઈડી દ્વારા ભારત સહિત વિદેશમાં ઈન્વેસ્ટમેન્ટના નામે કોલ કરાવીને ઓનલાઈન ઠગાઈ કરાવવામાં આવતી હતી.

આ મામલે સુરત સાયબર ક્રાઈમ દ્વારા ૩ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે પંજાબના પટિયાલાના ઝિરકપુર ખાતેથી બે અને સુરતના ડિંડોલીથી એક મળીને ત્રણને પોલીસે ઝડપી લીધા છે. ભારતના અલગ અલગ રાજ્ય, જેમાં સુરત સિટીનો પણ સમાવેશ થાય છે. રાજ્યોમાંથી કુલ ૪૦ યુવાનને આ રીતે થાઈલેન્ડ અને ત્યાંથી મ્યાનમાર મોકલી આપવામાં આવ્યા હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે. આ રેકેટમાં પાકિસ્તાની એજન્ટ સહિત કુલ ૧૨ જણાની સંડોવણી હોવાનું પણ જણાયું છે. છેલ્લા દોઢ વર્ષથી આ રેકેટ ચાલી રહ્યું છે.

સાયબર સેલની પૂછપરછમાં આરોપી નિપેન્દર ઉર્ફે નીરવ ચૌધરી ચાઈનીઝ કંપનીમાં ઈછ મેનેજર હોવાનું ખૂલ્યું હતું. નિપેન્દરે પોલીસ તપાસમાં એલેકઝાન્ડર, એન્ઝો, કૃણાલ, નિલેશ પુરોહિત, વિલિયમ, કિંગ, વિમ, કુંપેંગ, એલોંગ, શશાંક, સ્ટ્રોંગ એમ ૧૧ સાગરીતનાં નામ લખાવ્યાં હતાં. એ તમામ સાથે મળી છેલ્લા દોઢ વર્ષથી ભારત તથા અન્ય દેશના લોકોને થાઈલેન્ડમાં કોમ્પ્યુટર વર્કની નોકરીના અપાવવાની લાલચ અપાતી હતી. ઊંચા પગારે નોકરીની લાલચ આપી ભારતના ૩૭, શ્રીલંકાના ૨, પાકિસ્તાનના ૧ એમ ૪૦ જણાને થાઈલેન્ડ મોકલી ચાઈનીઝ માફિયાઓ મારફત બોર્ડર ક્રોસ કરાવી મ્યાનમાર ખાતે મોકલી અપાયા હતા.

### સાઈબર સ્લેવરીનો ભોગ બનેલા નાગરિકોની યાદી

સુરજીત સિંહ, શાન્દ્રા શેખર પીલા, ફૈઝ અયાન નસીમ, તરુણ, સુરેશ તત્યારામ, દીપક, રાહુલ, સમીર આમીર મહમ્મદ પવાર, આતીશ રાજેન્દ્ર વૈદ, નઈમ ઈસ્માઈલ સધી, દિનેશ, મનોજકુમાર, શુભમ, કુશાંત રાજેન્દ્ર પપૈયા (રહે. અડાજણ), અશ્વિન નાગજી માછી (રહે. સુરત), નરેશકુમાર (રહે. પંજાબ), રહેલ અહમદ, સૂરજ યાદવ, અભિષેક મૌર્ય, જસપાલ સિંહ, જુડી, સ્ટવ મુતકુ, હિરુશમા, અમન હરજીન્ગર સિંહ, તરુણ દીપ સિંહ, રાહુલ, યોગેશ દુલાભાઈ સીસારા (રહે. ક્રિષ્ણા રેસિડન્સી, કામરેજ), અક્તિ નવાઝ સોએબ (પાકિસ્તાન), વીજેન્દ્રકુમાર પ્રશાંત (શ્રીલંકા), લટફેસ મિસરેટ (ઈથોપિયન), સકસેના રોહિત, હર્ષિત, સમારાકરાજ (શ્રીલંકા), સુરેશ તુલસી (રહે. હૈદરાબાદ), દીપક ભરત પરમાર (રહે. અંબિકાનગર, ગોત્રી, વડોદરા), યતીન સોલંકી (વડોદરા), મોહમંદ બિલાલ સલાઉદ્દીન સૈયદ (રહે. સુબેદાર સ્ટ્રીટ, રાંદેર), જિગર રાવળ (રહે, વડોદરા). રાજકોટના પ્રીત કમાણીએ પૂછપરછમાં જણાવ્યું હતું કે પોતે વિવેક ભાતુ મારફત ટૂરિસ્ટ વિઝા પર થાઈલેન્ડ ગયો હતો, જ્યાં એલેક્સ નામના યુવકે અન્ય સાગરીતો સાથે મળી થાઈલેન્ડમાં નદી ક્રોસ કરાવી મ્યાનમાર ઊંઊંડ નામની ચાઈનીઝ કંપનીમાં લઈ ગયા હતા. અહીં અલગ-અલગ દેશના લોકોને કોલ કરી રોકાણની સ્કીમના નામે સાયબર ફ્રોડના ગુના આચરવાની કામગીરી સોંપાઈ હતી. અંગ્રેજી બોલવામાં તકલીફ પડતાં પ્રીતે રાજીનામું આપી દીધું હતું, જેના બદલામાં અન્ય એક માણસ અથવા તો ૪ હજાર ડોલર (૩.૫૦ લાખ રૂપિયા) આપવાની શરત મુકાતાં પ્રીતે હરિયાણાના રજનીશ બન્નાને નોકરી માટે મ્યાનમાર બોલાવી પાકિસ્તાની એજન્ટ એલેક્સ સાથે મુલાકાત કરાવી હતી. એ સમયે પ્રીતની મુલાકાત નીરવ ચૌધરી અને દિલ્હીના કૃણાલ સાથે થઈ હતી. નીરવ ઉર્ફે નિપેન્દરે પ્રીતને જણાવ્યું કે મ્યાનમારમાં ચાઈનીઝ કંપનીનાં અલગ-અલગ કોલ સેન્ટરો ચાલે છે. ભારતના લોકોને મ્યાનમાર માટે તૈયાર કરશે તો વ્યક્તિદીઠ ૪૦-૫૦ હજાર કમિશન આપવામાં આવશે એવી ઓફર પણ કરી હતી.

રાજકોટના પ્રીતે આશિષ રાણા સહિતના એજન્ટો સાથે મળી ગુજરાત તથા અન્ય રાજ્યોની ૮ વ્યક્તિને ચાઈનીઝ એજન્ટો મારફત ઓનલાઈન ઈન્ટરવ્યૂ કરાવી નોકરીના નામે થાઈલેન્ડ મોકલી આપ્યા હતા. થાઈલેન્ડથી તેમને મળતિયા એજન્ટો થકી ગેરકાયદે બોર્ડર ક્રોસ કરાવી મ્યાનમાર મોકલી ચાઈનીઝ ગેંગે અટકાયત કરી કોલ સેન્ટરમાં સાયબર ફ્રોડ માટે મજબૂર કર્યા હતા. સાયબર સેલે પ્રીતની પૂછપરછના આધારે વિઝા એજન્ટ આશિષ રમણલાલ રાણા (ઉં.વ. ૩૭, રહે. સાઈ વિલા રેસિડન્સી, ખરવાસા રોડ, ડિંડોલી-મૂળ ગોલવાડ, વ્યારા)ની પણ ધરપકડ કરી હતી. આશિષને કમિશન પેટે પ્રીતે ૩૭ હજાર રૂપિયા ચૂકવ્યા હતા. તેણે પ્રીત કમાણીના ઈશારે ૩ વ્યક્તિને થાઈલેન્ડ થઈ મ્યાનમાર મોકલ્યા હતા.




### સુરત સહિત દેશ-વિદેશના ૪૦ યુવાનને ગેરકાયદે મ્યાનમાર લઈ જવાયા

મળતી માહિતી પ્રમાણે, સુરત સાયબર ક્રાઈમ સેલના વાયરલેસ પી.એસ.આઈ એ.આર. રાણપરિયાને એક-બે મોબાઈલ નંબરોની માહિતી મળી હતી, જેમાં એવી હકીકત જણાઈ હતી કે આ મોબાઈલ નંબરોનો ઉપયોગ કરનારા એક મોટું ઈન્ટરનેશનલ રેકેટ ચલાવી રહ્યા છે, જેમાં ભારતનાં અલગ અલગ રાજ્યોમાંથી અને બીજા અન્ય દેશોના યુવાનોને થાઈલેન્ડમાં કોમ્પ્યુટર વર્કની નોકરીની લાલચ આપીને પહેલા થાઈલેન્ડ લઈ જવામાં આવતા હતા. ત્યાંથી નદી ક્રોસ કરાવીને મ્યાનમાર અને કમ્બોડિયામાં ગેરકાયદે રીતે અટકાયત કરીને જે પણ યુવાનોને લઈ આવ્યા હોય તેના ફેસબુક આઈ.ડી. તેમજ ઈન્સ્ટગ્રામ આઈ.ડી. બનાવીને એક કોલ સેન્ટરમાં લઈ જવાતા. ત્યાર બાદ અલગ અલગ દેશ અને ભારતમાં લોકોને ઈન્વેસ્ટમેન્ટના નામે ફોન કરાવીને ઓનલાઈન ઠગાઈ કરાવવામાં આવતી હતી.

### પોલીસ તપાસ દરમિયાન પંજાબના પટિયાલા પહોંચી હતી

પોલીસે જાણવાજોગ નોંધ કરી આ બાબતની તપાસ પી.આઈ. એસ.બી.પઢેરિયાને સોંપવામાં આવી હતી અને તેમની ટીમે તપાસ કરીને બાતમી આધારે પંજાબ પહોંચ્યા હતા. પંજાબના પટિયાલા ખાતેના ઝિરકપુરના વી.આઈ.પી.રોડ પેન્ટા હાઉસમાં રેડ કરી હતી અને ત્યાંથી રેકેટ માટે યુવાનોને તૈયાર કરનાર નિપેન્દર ઉર્ફે નીરવ લવકુશ ચૌધરી અને પ્રીત રસિકલાલ કમાણી (મૂળ રહે. હેપ્પી હોમ પાર્ક, ન્યૂ માર્કેટ યાર્ડની પાસે, ગોંડલ, રાજકોટ)ને ઝડપી લીધા હતા. નિપેન્દર ઉર્ફે નીરવ લવકુશ ચૌધરી ચાઈનીઝ કંપનીમાં એચઆર તરીકે કામ કરે છે.

### પાકિસ્તાન એજન્ટ સહિત કુલ ૧૨ લોકો આ રેકેટ ચલાવે છે

આ બનેની પૂછપરછમાં ઘણી હકીકત પોલીસને જાણવા મળી હતી, જેમાં પાકિસ્તાની એજન્ટ એલેક્સ અને બીજા મળીને કુલ ૧૨ જણા ભેગા મળીને આ રેકેટ ચલાવે છે. આ તમામ ચાઈનીઝ કંપનીના એજન્ટ તરીકે કામ કરે છે અને ભારત અને અન્ય દેશોમાંથી યુવાનોને તૈયાર કરવાનું કામ કરે છે. નિપેન્દરને એક માણસને થાઈલેન્ડથી મ્યાનમાર મોકલવા માટે વ્યક્તિદીઠ ૩૦૦૦ ચ્રજઉઝ એટલે કે ૩ લાખ રૂપિયા કમિશન ટ્રસ્ટ વોલેટમાં મળતું હતું. હાલ તો સુરત સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા નિપેન્દર ઉર્ફે નીરવ, પ્રીત કમાણી અને આશિષ રાણાની ધરપકડ કરીને વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. હજુ અન્ય કોઈ સંડોવણી છે કે નહીં એની પણ તપાસ કરવામાં આવી રહી છે.

# કુબલિયાપરામાં બુટલેગરોની બબાલ; પોલીસને જોઈ દિવાલમાં માથા ભટકાવ્યા, ટોળાની ઝપાઝપી

રાજકોટ, તા. ૧: શહેરના કુબલીયાપરામાં વિસ્તારમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી ઉપર પોલીસે દરોડો પાડવા પહોંચતા બુટલેગરે દિવાલમાં માથા ભટકાળી આપઘાતનો પ્રયાસ કર્યો હતો બાદમાં 'પોલીસની સાથે આવેલા પંચોને પૂરા કરી નાખો'ના હાકલા પડકારા કરતા બુટલેગરની સાથેના શખ્સોએ પોલીસની ફરજમાં રૂકાવટ કરી ઝપાઝપી કરી હતી. માથાકૂટના પગલે અન્ય પોલીસની ગાડીઓ પણ બોલાવી લેવામાં આવી હતી. ઈજાગ્રસ્ત બુટલેગરને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડી પોલીસે ત્રણ મહિલા સહિત નવ શખ્સો સામે ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી એક આરોપીની ધરપકડ કરી હતી જયારે અન્ય આરોપીઓને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઇ વી.ડી.ડોડીયા, હેડ કોન્સ્ટેબલ જયરાજસિંહ કોટીલા, દિલીપ બોરીચા કોન્સ્ટેબલ વિશાલ દવે સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો દરમિયાન કુબલીયાપરામાં રહેતો અનેઅ અગાઉ અનેક વખત દારૂના ગુનામાં પકડાઇ ચૂકેલો વિજય ઉર્ફે રુડી રાજેશભાઇ પરમાર કુબલીયાપરામાં ખંઢેર જેવા મકાનમાં દેશી દારૂની ભઠ્ઠી ચલાવતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડવા જતાં ત્યા આરોપી વિજય પરમાર ઉભો હોય જે પોલીસને જોઇ નાશી છૂટ્યો હતો. પોલીસે ખંઢેર જેવા મકાનમાં દરોડો પાડતા દેશીદારૂની ભઠ્ઠી મળી આવી હતી.








# લગ્નનાં અઢી વર્ષમાં જ હંસિકા મોટવાણી છૂટાછેડા લે તેવા સંકેત

અભિનેત્રી હંસિકા મોટવાણી છૂટાછેડા લે તેવી સંભાવના છે. ૨૦૨૨માં તેણે સોહેલ કથૂરિયા સાથે લગ્ન કર્યાં હતાં. હવે તેણે આ લગ્નના તમામ વિડીયો અને ફોટા સોશિયલ મીડિયા પરથી ડિલીટ કરી દીધા છે. તેના પરથી તે હવે છૂટાછેડા લઈ રહી હોવાનું મનાય છે. હંસિકા અને તેનો પતિ પહેલા સોહેલના પેરન્ટ્સ સાથે રહેતા હતા. પરંતુ હંસિકા તેમની સાથે એડજસ્ટ કરી ન શકતા તેણે સાસરિયાઓ રહેતા હતા તે જ બિલ્ડિંગમાં ફ્લેટ લીધો હતો.તેમ છતાં તેના અને પતિ વચ્ચે મતભેદ વધતો જ રહ્યો હતો. જોકે યુગલે આ બાબતે કોઈ સ્પષ્ટતા કરી નથી. હંસિકાએ ૧૮મી જુલાઈ પછી સોશિયલ મીડિયા પર કોઈ પોસ્ટ શેર કરી નથી. બીજી તરફ સોહેલે પણ પોતાના એકાઉન્ટને પ્રાઈવેટ કરી નાખ્યું છે.

# ધનુષ અને મૃણાલ ઠાકુર ડેટિંગ કરી રહ્યાં હોવાની ચર્ચા



ધનુષ અને મૃણાલ ઠાકુર હાલ રિલેશનશિપમાં હોવાની ચર્ચા શરુ થઈ છે. બંને હાથમાં હાથ પરોવી ચાલી રહ્યાં હોય તેવો એક વિડીયો વાયરલ થયો છે. આ વિડીયો મૃણાલની બર્થ ડે પાર્ટીનો હોવાનું મનાય છે. છેલ્લા કેટલાક સમયથી ધનુષ અને મૃણાલ ઠાકુર એકમેકની ફિલ્મોને લગતી ઈવેન્ટસમાં એક કપલની જેમ હાજરી આપી રહ્યા છે. તાજેતરમાં મૃણાલ ઠાકુરની ફિલ્મ 'સન ઓફ સરદાર ટૂ'નું સ્ક્રિનિંગ યોજાયું હતું. તેમાં પણ ધનુષ મૃણાલ ઠાકુરના ગેસ્ટ તરીકે હાજર રહ્યો હતો. બીજી તરફ ધનુષની ફિલ્મ 'તેરે ઈશ્ક મેં'ની એક પાર્ટીમાં પણ મૃણાલ ઠાકુર હાજર રહી હતી. ધનુષનાં લગ્ન રજનીકાંતની દીકરી ઐશ્વર્યા સાથે થયાં હતાં. જોકે, ૧૮ વર્ષના દામ્પત્ય બાદ બંનેએ ગયાં વર્ષે છૂટાછેડા લઈ લીધા હતા. મૃણાલ છેલ્લા કેટલાક સમયથી સાઉથની ફિલ્મોમાં કામ રહી છે અને તે દરમિયાન તેની અને ધનુષની મુલાકાત થઈ હોવાનું કહેવાય છે.

# આમિર ખાન હવે શાહરૂખના પડોશી! મહિને રૂ ૨૪.૫૦ લાખ રૂપિયાનું ભાડું ચૂકવશે

બોલિવૂડના સુપરસ્ટાર આમિર ખાન તેની ફિલ્મ 'સિતારે જમીન પર'ને યુટ્યૂબ પર રિલીઝ કરવાને લઈને ચર્ચામાં તો છે જ પણ સાથે અભિનેતા વધુ એક વાતને લઈને પણ ચર્ચામાં છે. જણાવી દઈએ કે હાલમાં જ આમિરે મુંબઈના બાંદ્રામાં ચાર મોંઘા મકાન ભાડે ખરીદ્યા છે. રિપોર્ટ પ્રમાણે, અભિનેતા દર મહિને આ ભાડાના મકાન માટે રૂ ૨૪.૫૦ લાખ રૂપિયા ભાડુ ચૂકવશે. આમિરના ભાડાનું મકાન બાંદ્રાના 'વિલ્નોમોના' એપાર્ટમેન્ટમાં છે. જણાવી દઈએ જે જગ્યાએ આમિરે મકાન ભાડે ખરીદ્યું છે તેની ૭૫૦ અંતરે આવેલા 'પૂજા કાસા' એપાર્ટમેન્ટમાં અભિનેતા શાહરૂખ ખાને પણ ભાડે મકાન ખરીદ્યું છે. એક રિપોર્ટ પ્રમાણે, પાલી હિલ વિસ્તારમાં આવેલું વિગ્રો કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં ૧૨ ફ્લેટ આમિર ખાનનાં છે. પણ સોસાયટીનું રિનોવેશન થવાનું હોવાથી આમિરે



ઘર ખાલી કરવું પડ્યું. રિનોવેશન બાદ ઘરની કિંમત ૧૦૦ કરોડને પાર પહોંચશે. વિગ્રો સીએચએસના રિનોવેશનનું કામ એટમોસ્ફિયર રિયલ્ટી દ્વારા કરવામાં આવી રહ્યું છે. સોસાયટીને તોડી પાડી ત્યાં ચાર કે પાંચ બીએચકેના સી ફેસિંગ ફ્લેટ્સ બનશે. જેની કિંમત ૧ લાખ રૂપિયા પ્રતિ સ્ક્વેર ફૂટથી વધુ થઈ શકે છે. તેના આધારે આ સોસાયટીના ઘણા ઘરોની કિંમત ૧૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ હોઈ શકે છે.

વિલ્નોમોના સોસાયટીમાં ભાડાનું ઘર ખરીદવા ૪૫ મહિનાના લોક-ઈન પીરીયડ સાથે ૫ વર્ષનો એગ્રીમેન્ટ કર્યો છે. તેના આ ચાર ફ્લેટ મે ૨૦૨૫થી મે ૨૦3૦ સુધી લોક-ઈન કલોઝ સાથે રજિસ્ટર થયા છે. ડોક્યુમેન્ટ પ્રમાણે આમિરે ૧.૪૬ કરોડ રૂપિયાની સિક્યુરિટી પણ ભરી છે. એગ્રીમેન્ટ પ્રમાણે દર વર્ષે ૫%ના દરે ફ્લેટનું ભાડું પણ વધશે. આમિરની સોસાયટીની ૭૫૦ મીટરના અંતરમાં શાહરૂખ ખાને પણ ભાડે ઘર લીધું છે. 'મન્નત' બંગલાનાં રિનોવેશનને કારણે શાહરૂખ અને તેનો પરિવાર 'પૂજા કાસા' સોસાયટીમાં ભાડાના ફ્લેટમાં રહે છે, આ ફ્લેટ પ્રોડ્યુસર વાસુ ભગનાનીનું છે. શાહરૂખ ખાને વાસુ ભગનાની અને તેની બહેન દીપ શિખા દેશમુખ પાસેથી બે ડુપ્લેક્સ ફ્લેટ ભાડે ખરીદ્યા છે. તે દર મહિને ૨૪ લાખ રૂપિયાનું ભાડું ચૂકવી રહ્યો છે.

"સમાચારનો સાચો પ્રભાવ - સત્ય સર્મપણ ન્યુઝ"

# સત્ય સર્મપણ NEWS




## ન્યુઝ પેપરની ડિજિટલ PDF મેળવો

# ફ્રી

સત્ય સર્મપણ દૈનિક ન્યુઝ પેપરની પીડીએફ મેળવવા માટે નીચે આપેલા આઇકન પર ક્લિક કરો અને અમારી સાગે જોડાઓ...

## અમારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને દૈનિક અખબારમાં તમારા બિઝનેસની જાહેરાત કરો

# માત્ર રૂપિયા 4999/- માં

સત્ય સર્મપણ દૈનિક ન્યુઝ પેપરમાં જાહેરાત આપવા સંપર્ક કરો: +91 85117 58302